### બારડોલી સુગરની ચૂંટણીમાં સરેરાશ 43.82% મતદાન

# બારડોલી સુગર માટે ઓક્સિજન સિલિન્ડર સાથે મહિલાનું મતદાન

**સેવણી** જૂથમાં સૌથી વધુ 53.81% તો તુંડીમાં સૌથી ઓછુ 35.98 મતદાન

**ક્રોસ** વોટિંગની શક્યતાને લીધે બંને છાવણીમાં ચિંતા

### 200થી 250 NRI મતદાન કરવા વતન આવ્યાં

આ ચૂંટણીમાં સંસ્થા પ્રત્યેનો સભાસદોનો અનોખો લગાવ પણ નજરે પડ્યો હતો. મંડળીના મોટાભાગના સભાસદો વિદેશમાં સ્થાયી થયા હોવાથી સ્થાનિક સ્તરે અંદાજે 2300 જેટલા જ મતદારો હાજર હોવાનું મનાતું હતું. આમ છતાં, 2412 મત પડ્યા હતા. આશરે 200થી 250 જેટલા એનઆરઆઈ સભાસદો ખાસ મતદાન કરવા માટે વિદેશથી વતન આવ્યાં હતા.

બારડોલી: એશિયામાં સહકારી ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેનની ચૂંટણીમાં એકંદરે 43.82 ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સેવણી જૂથમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવતા સૌથી વધુ 53.81 ટકા મતદાન થયું હતું, જ્યારે તુંડી જૂથમાં નીરસતા જોવા મળી હતી અને ત્યાં સૌથી ઓછું માત્ર 35.98 ટકા જ મતદાન નોંધાયું હતું.

વર્તમાન શાસક ભાવેશ પટેલની ‘સહકાર પેનલ’ અને મુકેશ પટેલની આગેવાની હેઠળની ‘કિસાન પરિવર્તન પેનલ’ વચ્ચે સીધી ટક્કર છે. 14 પાનાના લાંબા બેલેટ પેપર પર 14 અલગ-અલગ મત આપવાના હોવાથી આ ચૂંટણીમાં મોટા પાયે ક્રોસ વોટિંગ થયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ક્રોસ વોટિંગની આ શક્યતાઓને લઈને બંને છાવણીઓના નેતાઓની અંદરખાને ચિંતા વધી છે. આ ઉપરાંત, બીમારીને અવગણીને અનેક વડીલો વ્હીલચેર પર મતદાન મથકે પહોંચ્યા હતા, તો એક મહિલા મતદારે ઓક્સિજન સિલિન્ડર સાથે આવીને મતદાન કરીને લોકશાહીના આ પર્વમાં ઉત્સાહનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

#### મતદાનની વિગત

| જૂથ | મતદારો | મતદાન | ટકા |
|---|---|---|---|
| મોતા | 432 | 182 | 42.13% |
| ખરવાસા | 402 | 174 | 43.28% |
| શામપુરા | 484 | 185 | 38.22% |
| ઓરણા | 460 | 198 | 43.04% |
| સેવણી | 407 | 219 | 53.81% |
| પુણા | 625 | 298 | 47.68% |
| તુંડી | 453 | 163 | 35.98% |
| એના | 504 | 208 | 41.27% |
| નિઝર | 498 | 200 | 40.16% |
| બારડોલી | 676 | 339 | 50.15% |
| મો.ફળોદ | 563 | 246 | 43.69% |
| કુલ | 5504 | 2412 | - |

### NEP-2020 અંતર્ગત પરીક્ષા પદ્ધતિમાં મોટો ફેરફાર

# કોમર્સમાં હવે ‘રટણ’નહીં, MCQથી ચકાસાશે જ્ઞાન

**VNSGUમાં** 2026-27થી સેમેસ્ટર-1થી 8 સુધીના તમામ બિનભાષાકીય વિષયોમાં 20 ટકા MCQ ફરજિયાત

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓની પરીક્ષા પદ્ધતિમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. ચાલુ શૈક્ષણિક વર્ષ 2026-27થી કોમર્સના ભાષા સિવાયના તમામ વિષયોની સેમેસ્ટર-1થી સેમેસ્ટર-8 સુધીની પરીક્ષામાં કુલ ગુણના 20 ટકા પ્રશ્નો બહુવિકલ્પીય એટલે કે MCQ આધારિત રહેશે.

NEP-2020ના અમલીકરણના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયથી અત્યાર સુધી વર્ણનાત્મક જવાબો લખવાની પદ્ધતિ પર વધુ આધાર રાખતા વિદ્યાર્થીઓએ હવે વિષયના કોન્સેપ્ટ, મૂળભૂત સમજ અને તાર્કિક વિચારશક્તિ પર વધુ ધ્યાન આપવું પડશે. યુનિવર્સિટીના મતે MCQ આધારિત મૂલ્યાંકનથી વિદ્યાર્થીઓની માત્ર યાદશક્તિ નહીં, પરંતુ વિષયને સમજવાની અને યોગ્ય વિકલ્પ પસંદ કરવાની ક્ષમતાનું પણ મૂલ્યાંકન થશે. રાષ્ટ્રીય સ્તરની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ MCQ આધારિત હોવાથી કોમર્સના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવી પરીક્ષાઓની તૈયારીમાં પણ તેનો લાભ મળી શકે છે.

વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયુક્ત ઓનલાઈન બેઠકમાં પરીક્ષા પદ્ધતિમાં MCQનો સમાવેશ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપતાં આ નિર્ણયને અમલમાં મૂકવામાં આવ્યો છે.

### કોલેજોએ પ્રશ્નપત્રની રચનામાં કરવો પડશે ફેરફાર

VNSGUએ સંલગ્ન તમામ કોમર્સ કોલેજોના આચાર્યોને નિર્ણયની જાણ શિક્ષકો સુધી પહોંચાડવા અને નવા નિયમ મુજબ પ્રશ્નપત્રની રચના તથા અભ્યાસક્રમના અમલ માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી છે. પરિણામે શિક્ષકોની શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીઓની પરીક્ષા તૈયારી અને આંતરિક મૂલ્યાંકનની પ્રક્રિયામાં પણ આગામી સમયમાં ફેરફાર જોવા મળી શકે છે.

# સુરતની છ પ્રાંતમાં નવા અધિકારી જિલ્લા કચેરીમાં પણ નવી ટીમ

**રાજ્યમાં** 144 નાયબ કલેક્ટરોની સામૂહિક બદલી

સુરતઃ રાજ્યના મહેસૂલ તંત્રમાં રાજ્ય સરકારે મોટાપાયે વહીવટી ફેરફાર કરતાં ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ-1ના 144 જેટલા નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓની સામૂહિક બદલીના આદેશો કર્યા છે. આ બદલીના પગલે સુરત જિલ્લાના મહેસૂલી વહીવટમાં પણ વ્યાપક ફેરફાર થયો છે. ખાસ કરીને સુરત શહેરના અડાજણ અને મજુરા તેમજ ગ્રામ્ય વિસ્તારના ઓલપાડ, બારડોલી, કામરેજ અને માંડવી પ્રાંતમાં હવે નવા અધિકારીઓ જવાબદારી સંભાળશે.

#### સુરતમાંથી બદલી પામેલા અધિકારીઓ

| ક્રમ | અધિકારીનું નામ | હાલનું પદ - સુરત | નવી નિમણૂક |
|---|---|---|---|
| 1 | પલક આર. ત્રિવેદી | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી-1 | પ્રાંત અધિકારી, ખેડબ્રહ્મા |
| 2 | એન. એન. સવાણી | પ્રાંત અધિકારી, અડાજણ (નોર્થ) | નાયબ DDO, નવસારી |
| 3 | ડી. એમ. બગસરીયા | SLAO યુનિટ-4, સુરત | પ્રાંત અધિકારી, વ્યારા |
| 4 | કૌશિક વી. જાદવ | પ્રાંત અધિકારી, માંડવી | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, વલસાડ |
| 5 | શાંતિબેન વી. ઢીલા | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી-2 | પ્રાંત અધિકારી, જામનગર ગ્રામ્ય |
| 6 | તૃપ્તિ એમ. પટેલ | નાયબ કલેક્ટર, SUDA | પ્રાંત અધિકારી, નવસારી |
| 7 | જે. એન. પરમાર | પ્રાંત અધિકારી, બારડોલી | નાયબ DDO, ભરૂચ |
| 8 | પાર્થ એચ. તલસાણીયા | પ્રાંત અધિકારી, ઓલપાડ | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી-2, વડોદરા |
| 9 | પીયૂષકુમાર સી. પટેલ | નાયબ DDO, સુરત | પ્રાંત અધિકારી, દિયોદર |
| 10 | વી. જે. ભંડારી | પ્રાંત અધિકારી, મજુરા (સાઉથ) | જિલ્લા આયોજન અધિકારી, અમદાવાદ |
| 11 | વી. કે. પીપળીયા | પ્રાંત અધિકારી, કામરેજ | નાયબ કલેક્ટર, જમીન સુધારણા, અમદાવાદ |

#### અન્ય જિલ્લાઓમાંથી સુરતમાં આવેલા અધિકારીઓ

| ક્રમ | અધિકારીનું નામ | અગાઉનું પદ/સ્થળ | સુરતમાં નવી જવાબદારી |
|---|---|---|---|
| 1 | રીપલબેન એમ. ચૌધરી | નાયબ DDO, નવસારી | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી-1 |
| 2 | કેતુલ ટી. ઇટાલિયા | નાયબ કલેક્ટર-2, નવસારી | નાયબ કલેક્ટર-1, સુરત |
| 3 | વી. બી. ખેતાન | નાયબ કલેક્ટર-1, નર્મદા | SLAO યુનિટ-4, સુરત |
| 4 | પ્રીતેશ કે. પટેલ | નાયબ કલેક્ટર, SOU, નર્મદા | નાયબ DDO, સુરત |
| 5 | પી. એચ. પટેલ | નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, નવસારી | પ્રાંત અધિકારી, ઓલપાડ |
| 6 | શ્વેતા પી. પટેલ | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, વલસાડ | નાયબ કલેક્ટર, જમીન સુધારણા |
| 7 | આર. જે. પટેલ | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, નવસારી | પ્રાંત અધિકારી, બારડોલી |
| 8 | એચ. જે. સોલંકી | નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, વલસાડ | પ્રાંત અધિકારી, માંડવી |
| 9 | મિતેશકુમાર એમ. પટેલ | પ્રાંત અધિકારી, ચીખલી, નવસારી | પ્રાંત અધિકારી, મજુરા |
| 10 | એન. આઇ. બ્રહ્મભટ્ટ | પ્રાંત અધિકારી, લાઠી, અમરેલી | પ્રાંત અધિકારી, અડાજણ |
| 11 | યોગરાજસિંહ જી. જાડેજા | નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, ગાંધીનગર | પ્રાંત અધિકારી, કામરેજ |

# ખાનગી જમીન ખરીદીને પણ ગ્રામીણ પરિવારોને પ્લોટ અપાશે

**અમરેલીમાં** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગાને સલામી આપી

**વિદેશ** અભ્યાસની લોન માટે આવક મર્યાદા રૂ. ૧૦ લાખ



ગાંધીનગર : ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અમરેલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ભવ્ય રીતે યોજાઈ હતી. મુખ્યમંત્રીએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી આપી હતી.

સ્વાતંત્ર્ય પર્વના સંબોધનમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન દ્વારા લાલ કિલ્લા પરથી વિકસિત ભારત-૨૦૪૭ માટે આપવામાં આવેલા ‘શક્તિની સપ્તધારા’ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર રહેશે. મેન્યુફેક્ચરિંગ, કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ, ટેક્નોલોજી, નવીનતા, ગતિશક્તિ, રક્ષા શક્તિ અને સોફ્ટ પાવર જેવા ક્ષેત્રોમાં દેશને વધુ વિકસિત કરવાની દિશામાં ગુજરાત મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ગરીબો, યુવાનો, અન્નદાતા ખેડૂતો અને નારીશક્તિને વિકસિત ગુજરાતના ચાર મુખ્ય સ્તંભ ગણાવ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વે કરાયેલી સૌથી મહત્વપૂર્ણ જાહેરાતમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં પાત્ર પરિવારોને ઘર બનાવવા માટે વિનામૂલ્યે ઘરથાળનો પ્લોટ આપવામાં આવશે. જો ગ્રામ પંચાયત પાસે ગામતળ, સરકારી પડતર અથવા ખરાબા-ગૌચરની પૂરતી જમીન ઉપલબ્ધ ન હોય તો રાજ્ય સરકાર ખાનગી જમીન ખરીદીને પણ પાત્ર પરિવારોને મફત પ્લોટ ફાળવશે. આ નિર્ણયથી જરૂરિયાતમંદ ગ્રામીણ પરિવારોને પોતાનું ઘર બાંધવા માટે જમીન ઉપલબ્ધ કરાવવાનો માર્ગ વધુ સરળ બનશે. ૨૧૪ રસ્તાઓના ૨૧૦ કિલોમીટરના નવીનીકરણ અને સુધારણા માટે રૂ. ૩૪૨૮ કરોડની ફાળવણીની જાહેરાત મુખ્યમંત્રીએ કરી છે. ભારે વાહનવ્યવહાર ધરાવતા લાંબા રાજ્ય ધોરીમાર્ગો અને જિલ્લા મુખ્ય માર્ગો માટે કામગીરી તથા જાળવણી આધારિત કરાર પદ્ધતિથી કામ હાથ ધરાશે. આવા માર્ગો માટે કોન્ટ્રાક્ટરની જાળવણી જવાબદારી હાલના ચાર વર્ષથી વધારીને ૮થી ૧૦ વર્ષ કરવામાં આવશે તેમજ વિદેશ અભ્યાસ લોન યોજનામાં કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી હોવાની જાહેરાત પણ તેમણે કરી હતી.

# વડોદરા અને સુરતના રેલવે કેટરર્સ સામે કાર્યવાહી

**યુનિફોર્મ**-આઈડી વિના કામ કરતા મળી આવ્યા

સુરતઃ ટ્રેનોમાં ખાણીપીણીની સેવાઓની ગુણવત્તા અને અધિકૃત કર્મચારીઓની નિમણૂક સુનિશ્ચિત કરવા માટે IRCTCની ક્વિક રિસ્પોન્સ ટીમ - QRT એ પશ્ચિમ ક્ષેત્રની ટ્રેનોમાં અચાનક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સુરત અને વડોદરામાં થયેલી તપાસમાં કેટરિંગ સ્ટાફ સાથે સંકળાયેલી અનિયમિતતાઓ સામે આવી છે.

11 ઓગસ્ટે ટ્રેન નંબર 22938 ની વડોદરા સ્ટેશન પર તપાસ કરવામાં આવી હતી. M/S રાઠોડ કેટરર્સ દ્વારા સંચાલિત આ ટ્રેનમાં IRCTC ના સિનિયર એક્ઝિક્યુટિવ/CS પ્રભજ્યોત કૌરના નિરીક્ષણ દરમિયાન 2 અનઅધિકૃત વિક્રેતા કામ કરતા મળી આવ્યા. બંને પાસે નિર્ધારિત યુનિફોર્મ અને માન્ય ઓળખપત્ર નહોતું. આ મામલાને સ્થળ પર જ નોંધીને જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જ્યારે ટ્રેન નંબર 12480 ની સુરત સ્ટેશન પર તપાસ દરમિયાન M/S હરીશ કુમાર અરોરા દ્વારા સંચાલિત આ ટ્રેનમાં IRCTC ના અનુરાગ ગજબિયેના નિરીક્ષણમાં 2 કર્મચારી નિર્ધારિત નવી યુનિફોર્મ અને માન્ય ઓળખપત્ર વિના ખાણીપીણીની સેવા આપતા જોવા મળ્યા. સંબંધિત સર્વિસ પ્રોવાઈડરને તાત્કાલિક સુધારો કરવા અને નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે સૂચના આપવામાં આવી છે.

IRCTC પશ્ચિમ ક્ષેત્રના PRO ડો. એ.કે. સિંહે જણાવ્યું કે મુસાફરોની સુવિધા અને ખાણીપીણીની ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. ટ્રેનો અને સ્ટેશનો પર નિયમિત સાથે-સાથે અચાનક નિરીક્ષણ પણ ચાલુ રહેશે.

# મુખ્યમંત્રી અમેરિકા અને કેનેડાના ઉદ્યોગપતિ સાથે બેઠક કરશે

**વાઇબ્રન્ટ** ગુજરાત ૨૦૨૭ માટે ઉદ્યોગ મંડળો અને ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણીઓને આમંત્રણ અપાશે

ગાંધીનગર : ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણને વધુ વેગ આપવા અને આગામી જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે વૈશ્વિક ઉદ્યોગજગતને ગુજરાત સાથે જોડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૬ ઓગસ્ટની વહેલી પરોઢે અમદાવાદથી અમેરિકા-કેનેડાના પ્રવાસે રવાના થયા છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિમંડળ અમેરિકા અને કેનેડાના વિવિધ શહેરોમાં રોકાણકારો, ઉદ્યોગ મંડળો, ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રના અગ્રણીઓ તેમજ ગુજરાતી સમુદાય સાથે બેઠકો યોજશે. આ મુલાકાત દરમિયાન ગુજરાતમાં રોકાણની તકો રજૂ કરવાની સાથે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ભાગ લેવા માટે આમંત્રણ પણ આપવામાં આવશે.

મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસ દરમિયાન વોશિંગ્ટન ડીસી, ન્યૂયોર્ક અને સાન ફ્રાન્સિસ્કો ઉપરાંત કેનેડાના ટોરોન્ટોમાં વિવિધ ઉદ્યોગ-રોકાણકારો સાથે ગોળમેજી પરિષદો અને વ્યક્તિગત બેઠકો યોજાશે. આ બેઠકોમાં ગુજરાતની વૈશ્વિક વિકાસગાથા, ઔદ્યોગિક વિકાસની તકો અને રોકાણ માટેની અનુકૂળ નીતિઓની રજૂઆત કરીને રાજ્યમાં નવી વિદેશી મૂડી ખેંચવાના પ્રયાસો કરવામાં આવશે. મુખ્યમંત્રી સાથે મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર અને અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ-વેપાર જગતનું પ્રતિનિધિમંડળ પણ પ્રવાસમાં જોડાયું છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### એમ્બ્રોઇડરીના કામદારોની...

મટિરિયલ અને અન્ય ટેક્સટાઇલ ઉત્પાદનોની વેલ્યુ એડિશન સાથે સીધું જોડાયેલું હોવાથી એક દિવસનું ઉત્પાદન ખોરવાય તો આગળના પ્રોસેસિંગ અને ડિસ્પેચના સમયપત્રક પર પણ અસર પડી શકે છે.

પરિસ્થિતિ વણસે નહીં તે માટે પોલીસનો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે.વિવાદના સુખદ ઉકેલ માટે પોલીસ અધિકારીઓ, વેપારીઓ અને કારીગરો વચ્ચે મંગળવારે એક મહત્વપૂર્ણ બેઠક યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ચર્ચા-વિચારણા બાદ જ આખરી નિર્ણય લેવામાં આવશે તેવી સૂચના આપવામાં આવી છે.

### અંત્રોલીમાં બુલેટ...

ગુજરાતમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીમાં સુરત-વાપી વિભાગે પણ મહત્વપૂર્ણ તબક્કો પાર કર્યો છે. આ વિભાગમાં વાયાડક્ટ, સ્ટેશન બિલ્ડિંગ અને અન્ય પાયાની માળખાકીય સુવિધાઓ સહિતનું નાગરિક બાંધકામ પૂર્ણ થયાનું જણાવાયું છે. હવે પ્રોજેક્ટના આગામી તબક્કામાં ટ્રેક, વીજળી, સંકેત વ્યવસ્થા અને અન્ય તકનીકી સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપવાની કામગીરી આગળ વધશે. સરકારે પ્રથમ તબક્કામાં સુરતથી વાપી વચ્ચે સેવા શરૂ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. અગાઉ સુરત-બીલીમોરા વચ્ચેના ટૂંકા વિભાગથી શરૂઆત કરવાની યોજના હતી, પરંતુ હવે પ્રથમ સેવા માટેનો વિભાગ સુરતથી વાપી સુધી લંબાવવામાં આવ્યો છે. આશરે ૯૭થી ૧૦૦ કિલોમીટરના આ વિભાગ પર ઓગસ્ટ ૨૦૨૭માં દેશની પ્રથમ બુલેટ ટ્રેન સેવા શરૂ થવાની શક્યતા છે.

### ગણદેવી હાઈવે...

ગણદેવી નગરપાલિકા ફાયર ફાયટર પિનલ પટેલ અને ટીમે ગણતરીના સમયમા આગ કાબુમાં લીધી હતી. જોકે સાંજ સુધી કોઇ ફરીયાદ નોંધાઇ નથી.

### CA ફાઉન્ડેશન-ઇન્ટરના...

કેન્દ્ર, પરીક્ષાની તારીખ અને ઉમેદવાર સંબંધિત જરૂરી વિગતો એડમિટ કાર્ડમાં દર્શાવવામાં આવશે. તેથી ઉમેદવારોએ હોલ ટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેમાં દર્શાવેલી તમામ વિગતો ચકાસી લેવી જરૂરી છે. એડમિટ કાર્ડ મેળવવા માટે ઉમેદવારોએ ICAIના સત્તાવાર પોર્ટલ પર જઈને પોતાના લોગિનની વિગતો દાખલ કરવાની રહેશે. ઉમેદવારો SSP ID અથવા રજિસ્ટ્રેશન નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગિન કરી શકશે. લોગિન કર્યા બાદ સ્ક્રીન પર એડમિટ કાર્ડ ઉપલબ્ધ થશે, જેને ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢી શકાશે. પરીક્ષા કેન્દ્ર પર જતા સમયે ઉમેદવારોએ એડમિટ કાર્ડ સાથે રાખવું જરૂરી રહેશે. હોલ ટિકિટમાં કોઈપણ પ્રકારની વિસંગતતા જણાય તો પરીક્ષા પહેલાં જ સંબંધિત વિભાગનો સંપર્ક કરી જરૂરી સુધારો કરાવવાની સલાહ આપવામાં આવી છે. CA ફાઉન્ડેશનની ચાર અને ઈન્ટરની છ પરીક્ષા યોજાશે. ICAIના નિર્ધારિત કાર્યક્રમ મુજબ CA ફાઉન્ડેશનની પરીક્ષા 2 સપ્ટેમ્બરથી શરૂ થઈ 9 સપ્ટેમ્બર 2026 સુધી ચાલશે. ફાઉન્ડેશનના ચારેય પેપર અલગ-અલગ તારીખે લેવામાં આવશે. બીજી તરફ CA ઈન્ટરમીડિયેટની પરીક્ષા 1 સપ્ટેમ્બરથી શરૂ થઈ 12 સપ્ટેમ્બર 2026 સુધી ચાલશે. ઈન્ટરમીડિયેટના બંને ગ્રૂપના કુલ છ પેપરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કારણે બંને કોર્સના ઉમેદવારો માટે આગામી દિવસો પરીક્ષાની તૈયારીની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ રહેશે.

### વિઘ્નહર્તાને પણ ખાડાનું...

પરના ખાડામાં પટકાતાં, આંચકાના કારણે મૂર્તિ ટ્રકમાંથી નીચે ખાબકી હતી અને ખંડિત થઈ ગઈ હતી. આ બનાવ બનતાં જ સ્થાનિકો અને ગણેશ ભક્તોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતાં. પવિત્ર મૂર્તિ ખંડિત થવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો. રોષે ભરાયેલા લોકોએ રોડ પર જઈને વહીવટી તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી વિરુદ્ધ જોરદાર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

વલસાડ પરથી પસાર થતો હાઈવે એટલી હદે બિસ્માર થઈ ગયો છે કે, વાહનચાલકો માટે અહીંથી પસાર થવું જીવના જોખમ સમાન બની ગયું છે. સ્થાનિકો અને વાહનચાલકો આક્રોશ વ્યક્ત કરતાં જણાવી રહ્યા છે કે, હાઈવે એટલો ખરાબ થઈ ગયો છે કે હાઈવે પર ખાડા છે કે પછી ખાડાની અંદર હાઈવે બનાવ્યો છે, તે જ ખબર નથી પડતી! દર વર્ષે મેન્ટેનન્સના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે છતાં પરિસ્થિતિ જસની તસ રહે છે. આ રોડ પરથી રોજિંદા હજારો વાહનો પસાર થાય છે, પરંતુ ખાડાઓના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. ગણેશોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે જ આવી ઘટના બનતાં ભક્તોની લાગણી દુભાઈ છે. લોકોએ તાત્કાલિક ધોરણે આ બિસ્માર હાઈવેનું સમારકામ કરવાની અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

### ડુમસમાંથી ૮ યુવતી...

કારોમાં પહોંચ્યા હતા. દરોડા દરમિયાન ફાર્મહાઉસ પરિસરમાંથી વિદેશી દારૂની બોટલો અને ખાલી બોટલો સળગાવેલી હાલતમાં મળી આવી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ ખાનગી કંપનીના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ફાર્મહાઉસ કેટલા રૂપિયામાં અને કયા હેતુથી ભાડે આપવામાં આવ્યું હતું તે અંગે તપાસ કરવા માલિકની પૂછપરછ હાથ ધરાઈ છે.

### બ્લેક આઉટ અને...

કરીને ‘લેડીઝ ડ્રિંક’ જેવા વિવિધ ટાસ્ક નિર્ધારિત કરાયા હતા. આ ઉપરાંત રમતને વધુ રસપ્રદ અને હાઇટેક બનાવવા માટે ‘Take a Shot‘, ‘Spin for 5 Seconds‘, ‘Finish Your Drink‘, ‘Guys Drink‘ અને ‘Ladies Drink‘ જેવા વિદેશી મોડેલના આદેશો લખાયેલા હતા. એટલું જ નહીં, મહેફિલમાં હાજર યુવક-યુવતીઓને મનોરંજન પૂરું પાડવા માટે ‘Slap Someone‘, ‘Truth or Dare’, ‘Group Selfie’ અને ‘Rap for 10 Seconds‘ જેવા ફની અને યુનિક ટાસ્ક પણ સામેલ કરાયા હતા.

### ‘શોટ્સ એન્ડ લેડર્સ...

ખેલાડીને દારૂ પીવડાવવો. આ ઉપરાંત કેટલાક ખાસ ક્રમાંકો પર ‘TRUTH OR DARE‘ જેવા પડકારજનક ટાસ્ક પણ મૂકવામાં આવ્યા હતા. રમતના પરંપરાગત નિયમ મુજબ જો ખેલાડીને સીડી મળે તો તે ઉપર ચઢતો હતો, પરંતુ જો સાપના મોઢા પર પાસો આવે તો નીચે સરકવાની સાથે-સાથે દંડ સ્વરૂપે દારૂનો આખો પેગ મારવો પડતો હતો.

### મહેફિલમાંથી આ લોકો...

વાડીફળિયા, સ્ટોરશેરી)

(16) હેત્વી અમિતભાઇ શાહ (ઉ.વ. ૨૧ વ્યવસાયઃ અભ્યાસ રહે. જોલી રેસિડેન્સી, વેસુ)

(17) જેસીકા મિતેશભાઈ જરીવાલા (ઉ.વ. ૨૧ વ્યવસાયઃ ઘરકામ રહે. સાંઇનાથ સોસાયટી, ન્યુ સીટીલાઇટ, અલથાણ)

(18) દીયા નિલેશ મશરૂવાલા (ઉ.વ. ૨૩ વ્યવસાયઃ નોકરી રહે. સીધી શેરી, સલાબતપુરા)

(19) દીશા આયુષ જરીવાલા (ઉ.વ. ૨૩ વ્યવસાયઃ વેપાર રહે. મનન બંગ્લોઝ,ન્યુ સીટીલાઇટ રોડ, અલથાણ)

(20) આસ્થા રીતેશ જરીવાલા (ઉ.વ. ૨૧ વ્યવસાયઃ નોકરી રહે. મનન બંગ્લોઝ, ન્યુ સીટીલાઇટ રોડ, અલથાણ)

(21) શ્રીયા ધર્મેશભાઇ ગલીયાવાલા (ઉ.વ. ૨૧ વ્યવસાયઃ નોકરી રહે. સાંઇવિલા બંગ્લોઝ, અલથાણ)

(22) નીધી રાકેશ જરીવાલા (ઉ.વ. ૨૨ વ્યવસાયઃ નોકરી રહે. આમ્રપાલી બંગ્લોઝ, ન્યુ સીટી લાઇટ, અલથાણ)

## અનુસંધાન ... પાના પહેલાનું

### સશસ્ત્ર નક્સલવાદ નાબૂદ...

સંબોધનમાં રાષ્ટ્રને સંબોધિત કરતા મોદીએ તેમના ‘વિકસિત ભારત 2047’ના વિઝન આસપાસ તમામ પક્ષો અને યુવાનોને એકજૂથ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ તેમણે ‘સપ્તધારા’ તરીકે ઓળખાવેલા માર્ગ દ્વારા ભારતની આર્થિક અને વ્યૂહાત્મક પ્રગતિનો રોડમેપ પણ રજૂ કર્યો હતો. પેપર લીક અને પરીક્ષાઓમાં ગડબડી અંગે વિરોધ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ વચ્ચે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી યુવાનોને સંબોધતા તેમણે શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી - સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મફત ઓનલાઈન કોચિંગ, 1 કરોડ યુવાનો માટે AI ટ્રેનિંગ, સ્પોર્ટ્સ ટેલેન્ટ હંટ અને એક સક્રિય નાગરિક સંરક્ષણ નેટવર્ક. આ સિવાય મેન્યુફેક્ચરિંગ, સ્પેસ, ન્યુક્લિયરથી લઈને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં યુવાનો માટેની તકો દર્શાવી હતી. તેમણે 75 મિનિટના તેમના ભાષણ દરમિયાન 50થી વધુ વખત યુવાનોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સશસ્ત્ર નકસલવાદ તો ખતમ થવાને આરે છે પરંતુ દિમાગી નકસલો એટલે કે નકસલી માનસિકતા ધરાવતા લોકો હજી પણ સક્રિય છે.

વડાપ્રધાને વૈશ્વિક સમુદાયને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો જેવા સંસાધનોનો હથિયાર તરીકે ઉપયોગ કરવાના પ્રયાસો સામે ચેતવણી આપી હતી. સ્થાનિક સ્તરે, તેમણે સરહદો પાર અને વ્યૂહાત્મક રાષ્ટ્રીય સંસાધનો પર ખેલાતા યુદ્ધો વિશે વાત કરી હતી અને જૂની પ્રણાલીઓને સ્થાને એક સક્રિય નાગરિક સંરક્ષણ નેટવર્ક બનાવવાની હિમાયત કરી હતી. મોદીએ ભારતીય કંપનીઓને વૈશ્વિક સ્તરે અગ્રણી બનાવવાનો પોતાનો સંકલ્પ દોહરાવતા કહ્યું કે, વિશ્વની સૌથી મોટી કોર્પોરેશનોની ‘ફોર્ચ્યુન 500’ યાદીમાં ઓછામાં ઓછી 50 ભારતીય કંપનીઓ હોવી જોઈએ અને બેંકો તેમજ ફાર્મા જેવા ક્ષેત્રોમાં દેશની ટોપ-5માં સ્થાન હોવું જોઈએ. તેમણે એમ પણ ભારપૂર્વક કહ્યું કે સુધારાઓને ઝડપી બનાવવામાં કેન્દ્ર, રાજ્યો અને તમામ હિતધારકોની ભૂમિકા છે. સંસદના ચોમાસુ સત્રના સમાપનના દિવસો પછી, તેમણે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતનો અમલ સુનિશ્ચિત કરવા માટે રાજકીય ખેંચતાણ બાજુ પર રાખવા આહવાન કર્યું હતું અને કહ્યું હતું કે સૌએ નારી શક્તિનો આદર કરવો જોઈએ.

### લાલ કિલ્લા પરથી...

લાંબુ સ્વતંત્રતા દિવસનું ભાષણ 2016માં 96 મિનિટનું હતું, જ્યારે તેમનું સૌથી ટૂંકું ભાષણ 2017માં હતું, જ્યારે તેઓ 56 મિનિટ બોલ્યા હતા. મોદીએ શનિવારે લાલ કિલ્લા પરથી સતત 13મું સ્વતંત્રતા દિવસનું ભાષણ આપ્યું હતું. ગયા વર્ષે, તેમણે લાલ કિલ્લા પરથી સતત 12 ભાષણો આપીને ઈંદિરા ગાંધીનો રેકોર્ડ તોડ્યો હતો અને તેઓ હવે માત્ર જવાહરલાલ નેહરુ પછીના સ્થાને આવે છે, જેમણે સતત 17 સ્વતંત્રતા દિવસના સંબોધનો કર્યા હતા. મોદીએ 2014માં પોતાનું પહેલું સ્વતંત્રતા દિવસનું ભાષણ આપ્યું હતું અને તે 65 મિનિટ ચાલ્યું હતું. 2015માં તેમનું ભાષણ 88 મિનિટ ચાલ્યું હતું. 2018માં મોદીનું સંબોધન 83 મિનિટનું હતું. 2019માં તેઓ લગભગ 92 મિનિટ બોલ્યા હતા. 2021માં વડાપ્રધાનનું સ્વતંત્રતા દિવસનું ભાષણ 88 મિનિટ અને 2022માં તેઓ 74 મિનિટ બોલ્યા હતા.

### યુક્રેન-રશિયાના...

દ્વારા યુક્રેન પર કરાયેલા પૂર્ણ કક્ષાના આક્રમણને સાડા ચાર વર્ષ જેટલો સમય થવા આવ્યો છે, ત્યારે આ હુમલાઓએ રશિયન જનતા સુધી યુદ્ધની ભયાનકતા પહોંચાડી દીધી છે.

બીજી તરફ, યુક્રેન પર પણ રશિયાએ વળતો હુમલો કર્યો હતો, જેમાં ડ્રોન સ્ટ્રાઈકથી ઘરો નષ્ટ થઈ ગયા હતા અને કીવના પ્રખ્યાત પુસ્તક બજારમાં આગ લાગી ગઈ હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે રાત્રે ૮૨૨ યુક્રેનિયન ડ્રોન નષ્ટ કર્યા હતા. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું કે લગભગ ૬૦૦ ડ્રોન રશિયાની રાજધાની તરફ આવી રહ્યા હતા, જેમાંથી ત્રીજા ભાગના ડ્રોન મોસ્કો વિસ્તારમાં જ તોડી પાડવામાં આવ્યા હતા. મોસ્કો ક્ષેત્રમાં યુક્રેનિયન ડ્રોન એક ખાનગી ઘર પર ત્રાટકતા ૮૩ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું, તેમ સ્થાનિક રાજ્યપાલ આંદ્રેઈ વોરોબ્યોવે જણાવ્યું હતું. તેમણે એ વાતની પણ પુષ્ટિ કરી હતી કે યુક્રેનના હુમલાને કારણે પોડોલ્સ્ક શહેરમાં આવેલા વાઈલ્ડબેરીઝના એક ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. રશિયાના દક્ષિણ-પશ્ચિમ રોસ્ટોવ ક્ષેત્રના ત્રણ શહેરોને નિશાન બનાવીને કરાયેલા ડ્રોન હુમલામાં પાંચ લોકોના મોત થયા હોવાનું સ્થાનિક ગવર્નર યુરી સ્લ્યુસારે જણાવ્યું હતું. ૧૫૦થી વધુ ડ્રોન વડે કરાયેલા આ હુમલામાં કેટલાય ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન થયું હતું તથા જંગલમાં આગ ફાટી નીકળી હતી. યુક્રેનની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની ‘આર્સેલર મિત્તલ ક્રિવિ રિહ’એ પુષ્ટિ કરી હતી કે મિસાઈલ હુમલામાં તેના એક પ્લાન્ટને નુકસાન થયું છે અને કામગીરી આંશિક રીતે સ્થગિત કરવામાં આવી છે.

### NTAનો વધુ 1...

પેપરોમાં તથ્યાત્મક, ટાઈપિંગ અને અનુવાદ સંબંધિત ઘણી ભૂલો હતી. જેમાં પ્રસિદ્ધ વિદ્વાનોના નામના ખોટા સ્પેલિંગ, પુસ્તકોના શીર્ષકોમાં ગડબડ, પ્રશ્નોની રચનામાં ભૂલો, વ્યાકરણની ક્ષતિઓ, લિંગ અને વચનની ભૂલો, વિરામચિહ્નોની ભૂલો, સ્થાપિત વિભાવનાઓ માટે અયોગ્ય શબ્દોનો ઉપયોગ તેમજ અગાઉ લેવાયેલી પરીક્ષાઓના નોંધપાત્ર પ્રમાણમાં પ્રશ્નોનું પુનરાવર્તન સામેલ હતું. કમિટીએ ભલામણ કરી છે કે ન્યાયી અને ક્ષતિરહિત પરીક્ષા યોજવાના હિતમાં, આ ત્રણેય પેપરો ફરીથી લેવા જોઈએ. એનટીએએ નિષ્કર્ષ કાઢ્યો છે કે, આટલી મોટા પાયે ક્ષતિઓ ધરાવતા પેપરો નિષ્પક્ષતા અને ત્રુટિરહિત પરીક્ષાના માપદંડો પર ખરા ઉતરતા નથી, અને આટલી હદ સુધીની ભૂલોને માત્ર પડકાર પ્રક્રિયા પછી પ્રશ્નો રદ કરીને સુધારી શકાય નહીં. એજન્સીએ જણાવ્યું છે કે રી-ટેસ્ટમાં બેસનારા ઉમેદવારો પાસેથી કોઈ વધારાની પરીક્ષા ફી લેવામાં આવશે નહીં. પરીક્ષાનું શહેર, પરીક્ષા કેન્દ્ર અને એડમિટ કાર્ડ અંગેની વધુ વિગતો સત્તાવાર વેબસાઈટ પર અલગથી જાહેર કરવામાં આવશે. પરીક્ષા એજન્સીએ જણાવ્યું હતું કે આજે વહેલી સવારે જે 84 વિષયો માટે આન્સર કી ચેલેન્જ બહાર પાડવામાં આવી હતી, તેના પરિણામો સમયપત્રક મુજબ જ જાહેર કરવામાં આવશે.

### બાંગ્લાદેશે રહેમાનની...

દિલ્હીની મુલાકાત લેશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા નહોતી. સરકારી સંસ્થા ‘બાંગ્લાદેશ સંગબાદ સંગસ્થા’(BSS) ન્યૂઝ પોર્ટલ દ્વારા રવિવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શાહીદુલ કરીમને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી તારિક રહમાનની ભારતની દ્વિપક્ષીય મુલાકાતની શક્યતા પર બાંગ્લાદેશ અને ભારતના અધિકારીઓ છેલ્લા કેટલાક સપ્તાહથી એકબીજાના સંપર્કમાં છે. જો કે, તેમણે મીડિયાને જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં ૫ ઓગસ્ટે હસીના દ્વારા વર્ચ્યુઅલી સંબોધવામાં આવેલી પત્રકાર પરિષદના કારણે આ પ્રક્રિયા પર વિપરીત અસર પડી છે.

તેમણે કહ્યું, અમે આ મામલે અમારું વલણ સ્પષ્ટ કરી દીધું છે. આ હેતુ માટે, અમે ભારતીય સત્તાવાળાઓને શેખ હસીનાને પ્રત્યાર્પિત (સોંપવા) કરવાની અમારી વિનંતી પર ઝડપથી કાર્યવાહી કરવા વિનંતી કરી છે. હસીનાના વર્ચ્યુઅલ મીડિયા સંબોધન પછી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે. બાંગ્લાદેશે આ મીડિયા ઇવેન્ટ અંગે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે આ ઘટનાએ તેના લોકોની લાગણીઓને દુભાવી છે અને ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધો સુધારવાના પ્રયાસો પર પ્રતિકૂળ અસર કરી શકે છે. તેઓએ હસીનાને “ફરાર, દોષિત નરસંહારક” તરીકે વર્ણવ્યા હતા. જો કે, ભારતના વિદેશ મંત્રાલયે ૭ ઓગસ્ટે કહ્યું હતું કે હસીના સંબંધિત મીડિયા ઇવેન્ટમાં તેની કોઈ ભૂમિકા નહોતી અને તે આ પ્લેટફોર્મ પર બાંગ્લાદેશ સરકાર વિશે કહેવામાં આવેલી કોઈ પણ વાતનું સમર્થન કરતું નથી.

### પેટ્રોલિયમ પેદાશોની...

અગાઉ પ્રતિ લીટર રૂ. 25.5 હતો. એટીએફની નિકાસ પર એસએઈડી પ્રતિ લીટર રૂ. 19.5 નક્કી કરવામાં આવ્યો છે, જે અગાઉ પ્રતિ લીટર રૂ. 22 હતો. પેટ્રોલની નિકાસ પરની ડ્યુટી 3 ઓગસ્ટે લાદવામાં આવેલા પ્રતિ લીટર રૂ. 3.5થી ઘટાડીને 14 ઓગસ્ટથી શૂન્ય કરવામાં આવી છે. નાણા મંત્રાલયે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, ડ્યુટીમાં કરાયેલા ફેરફારો 14 ઓગસ્ટથી અમલમાં આવશે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સરકારે 27 માર્ચે ડીઝલ અને એટીએફ પર નિકાસ ડ્યુટી લાદી હતી અને દર પખવાડિયે તેના દરમાં સુધારો કર્યો હતો. 16 મેથી શરૂ કરીને પેટ્રોલની નિકાસ પર આ લેવી (ટેક્સ) લાદવામાં આવી હતી.મંત્રાલયે એમ પણ કહ્યું કે, સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરાયેલા પેટ્રોલ અને ડીઝલ પરના હાલના ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ વચ્ચે બળતણની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો હતો.

યુદ્ધ શરૂ થયા પછી ગ્લોબલ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હોવાથી ભાવના તફાવતને કારણે નિકાસકારોને અયોગ્ય લાભ ઉઠાવવાથી અટકાવવાનો પણ હેતુ હતો.પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે નિકાસને નિરુત્સાહિત કરીને પેટ્રોલિયમ પેદાશોની સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો વિન્ડફોલ ટેક્સનો હેતુ હતો.

### ‘વંદે માતરમ’ના...

વિરોધ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. જો કે, કોંગ્રેસે આ આરોપને ફગાવી દેતા સ્પષ્ટતા કરી હતી કે રાષ્ટ્રીય ગીતની પૂર્ણ આવૃત્તિ ગાવું રોકવાનો એવો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નહોતો. સોનિયા ગાંધી માત્ર પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી મંગાવી રહ્યા હતા, કારણ કે તેઓ થોડા સમયથી ઊભા હતા. ઉલ્લેખનીય છે કે સ્વતંત્રતા દિવસના કોંગ્રેસના પોતાના કાર્યક્રમ દરમ્યાન વંદે માતરમ ગીતના ગાન વખતે સોનિયા ગાંધી હાથથી કંઈક ઈશારો કરી રહ્યા છે તેવો વીડિયો વાયરલ થયો હતો. આ બાબતે ભાજપે તેમના પર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ પર પ્રહાર કરતા ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, “એવું જોવા મળ્યું હતું કે જ્યારે રાષ્ટ્રીય ગીત ગવાઈ રહ્યું હતું ત્યારે તેમના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધી, સુપર લીડર રાહુલ ગાંધી અને વર્તમાન પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ધ્યાન આપતા નહોતા. સોનિયા ગાંધીએ રાષ્ટ્રગાન અટકાવવાનો ઈશારો કર્યો હોવાનો આક્ષેપ પણ ભાજપે કર્યો હતો. ભાજપના અન્ય પ્રવકતા રણદીપ ભંડારીએ લાલ કિલ્લા ખાતેના કાર્યક્રમમાં હાજર નહીં રહેવા બદલ પણ રાહુલ પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે આ આ ભારતના બંધારણ પ્રત્યેનો ધિક્કાર દર્શાવે છે. અમિત શાહે કોંગ્રેસના કાર્યક્રમની વંદે માતરમ વખતની ઘટનાને કોંગ્રેસના નેતાઓની બેશરમી ગણાવી હતી.

જો કે કોંગ્રેસ પ્રવકતા જયરામ રમેશે કહ્યું હતું કે કોંગ્રેસે ૧૯૩૭ના અધિવેશન વખતે - જે અધિવેશનમાં ગાંધીજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, મોલાના આઝાદ, જવાહરલાલ નેહરૂ, સરદાર પટેલ જેવા નેતાઓ હાજર હતા તેમાં ઠરાવય કર્યો હતો કે કોંગ્રેસની બેઠકોમાં વંદે માતરમની શરૂઆતી પંક્તિઓ ગવાશે અને ગવાતી આવી છે. શનિવારના કાર્યક્રમમાં તો પુરું ગીત ગવાયું હતું અને સોનિયાજીએ તો નાદુરસ્ત તબિયતવાળા પક્ષપ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ઉભા હતા તેમના માટે ખુરશી મૂકવા ઈશારો કર્યો હતો, ગીત અટકાવવા ઈશારો કર્યો ન હતો. ભાજપ તદ્દન ખોટા આક્ષેપો કરી રહ્યો છે.

### બંકિમચંદ્રના વંશજે...

હતો કે ત્યાં “વંદે માતરમ”નું પૂર્ણ વર્ઝન ગાવા દરમિયાન અસ્વસ્થતા જોવા મળી હતી અને તેને રોકવાના વારંવાર પ્રયાસો કરવામાં આવ્યા હતા. ગાંધીને લખેલા એક પત્રમાં ચેટર્જીએ જણાવ્યું હતું કે, દેશ જ્યારે તેનો 80મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો હતો ત્યારે 15 ઓગસ્ટે બનેલી આ કથિત ઘટના “માત્ર અફસોસજનક નથી પરંતુ એક ઐતિહાસિક ભૂલનું શરમજનક પુનરાવર્તન છે.” નાઇહાટીના ભાજપના ધારાસભ્ય ચેટર્જીએ કહ્યું કે તેઓ એક સામાન્ય નાગરિક, દેશભક્ત અને બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયના પ્રત્યક્ષ વંશજ તરીકે આ પત્ર લખી રહ્યા છે, અને આ ઘટના પર “ઊંડું દુઃખ, ખાલીપો અને રોષ” વ્યક્ત કરે છે.